**મિશન ગોલ્ફ :** અમદાવાદ નજીકની કેન્સવિલે કલબમાં રવિવારે ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત પ્રથમ ઇન્ટરનેશનલ ગોલ્ફ ટુર્નામેન્ટનું સમાપન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યું હતું. આ પ્રસંગે તેમણે ગોલ્ફ સ્ટિક પર હાથ અજમાવ્યો હતો, બાદમાં આ ટુર્નામેન્ટમાં વિજેતા ખેલાડીઓને ઇનામોનું વિતરણ કર્યું હતું.





# ગુજરાતમાં વધુ પાંચ ગોલ્ફ કોર્સ વિકસાવવા માટે કરાર

- **સરકાર પ્રાયોજિત પ્રથમ ઈન્ટરનેશનલ ગોલ્ફ ટુર્નામેન્ટ સંપન્ન**
- **મુખ્યમંત્રીના હસ્તે ઈનામ વિતરણ**

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત સરકાર દ્વારા સૌ પ્રથમ વખત પ્રાયોજિત કરાયેલી પ્રથમ ઈન્ટરનેશનલ ગોલ્ફ ટુર્નામેન્ટનું આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સમાપન કરાવ્યું હતું અને આ ટુર્નામેન્ટમાં વિજેતા થયેલા ગોલ્ફ ખેલાડીઓને ઈનામોનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે એવો નિર્દેશ આપ્યો હતો કે, રાજ્ય સરકાર ગોલ્ફ ટુરિઝમને વિકસાવવા માગે છે અને આ દિશામાં થઈ રહેલા પ્રયાસોને લીધે આ વખતની વાયબ્રન્ટ સમિટમાં પાંચ કંપનીઓએ ગોલ્ફ કોર્સ શરૂ કરવા માટે કરાર કર્યા છે.

ભારતમાં દિલ્હી અને કલકત્તા પછી આંતરરાષ્ટ્રીય ગોલ્ફ ટુર્નામેન્ટ અમદાવાદમાં યોજવા માટે રાજ્ય સરકારે કરેલા પ્રયાસોના ભાગરૂપે ગુજરાત કેન્સવિલે ગોલ્ફ કલબ અને કન્ટ્રી કલબના ઉપક્રમે યોજાયેલી સ્પર્ધામાં ૧૧૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં વિજેતામાં ગગનજીત ભુલ્લર, જેની મોલ્ડ અને મેટફોર્ડ (બન્ને ઈંગ્લેન્ડ)ને વિવિધ કેટેગરીના ઈનામ મુખ્યમંત્રીના હસ્તે અપાયા હતા.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ગોલ્ફની રમત ગુજરાતમાં નવી છે, પરંતુ તે ઝડપથી ગુજરાતના યુવાનોમાં લોકપ્રિય બની રહી છે. ત્યારે જોતજોતામાં ગુજરાતના વ્યાપાર જગતના લોકોને માટે ગોલ્ફ આકર્ષણ વધતાં એક હજાર ગોલ્ફ ખેલાડીઓ ગુજરાતમાં રમતાં હશે.

આ પ્રસંગે ગોલ્ફ કલબના મેનેજિંગ ડિરેક્ટર સમીરસિંહાએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટની સફળતાના કારણે ગુજરાત હવે અન્ય ક્ષેત્રની જેમ ગુજરાતે વિશ્વના ગોલ્ફના નકશામાં સ્થાન મેળવ્યું છે.